દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

મંગળવાર ૧૪ ઓક્ટોબર, ૨૦૨૫

# નોબેલ શાંતિ પુરસ્કાર ઘણી વખત વિવાદમાં રહ્યો છે

જેની ઘણી રાહ જોવાતી હતી તે શાંતિ માટેના આ વર્ષના નોબેલ પુરસ્કારની શુક્રવારે જાહેરાત થઇ હતી અને આ પ્રતિષ્ઠિત ઇનામ વેનેઝુએલાના વિપક્ષી નેતા મારિયા કોરિના મચાડોને જાહેર કરવામાં આવ્યું હતું. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને આ પુરસ્કાર મળશે તેવી અટકળો ખોટી સાબિત થઇ હતી. દક્ષિણ અમેરિકા ખંડના દેશ વેનેઝુએલામાં લોકશાહી સ્થાપિત કરવા માટેના સંઘર્ષ બદલ મચાડોને આ ઇનામ જાહેર કરાયું હતું. વિશ્વમાં અનેક યુદ્ધોમાં સમાધાન કરાવવાનો દાવો કરી રહેલા અને વિવિધ દેશોની સરકારો દ્વારા જેમને નોબેલ પીસ પ્રાઇઝ માટે નોમિનેટ કરાયા હતા તે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને આ પુરસ્કાર મળવાની અટકળો ખોટી પડી હતી.

આ પુરસ્કાર માટે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સ્પર્ધા કરી રહ્યા હતા અને લાંબા સમયથી કહેતા હતા કે તેઓ આઠ યુદ્ધોનો અંત લાવવા માટે તેઓ આને લાયક હતા. ઓવલ ઓફિસે કહ્યું કે નોબેલ સમિતિએ મચાડોને આ પ્રતિષ્ઠિત પુરસ્કાર આપીને શાંતિ કરતાં રાજકારણને વધુ મહત્વ આપ્યું છે! ખરેખર તો ટ્રમ્પને આ એવોર્ડ મળ્યો પણ હોત તો તે એક વિવાદાસ્પદ જાહેરાત બની હોત. ટ્રમ્પની છાપ કોઇ સીધાસાદા સજ્જન તરીકેની નથી. જાત જાતના વિવાદોમાં તેઓ સંડોવાયેલા છે. પોતે હાલમાં ઘણા યુદ્ધો અટકાવ્યા હોવાનો તેઓ દાવો કરે છે પરંતુ તેમના દાવા વિવાદાસ્પદ રહ્યા છે. ભારત-પાક. યુદ્ધ પોતે અટાકાવ્યું હોવાનો તેઓ દાવો કરે છે જે દાવો ભારત સતત નકારતું આવ્યું છે. આર્મેનિયા અને આઝારબૈજાનનું યુદ્ધ તેમણે કઇ રીતે અટકાવ્યું તે પણ એક પ્રશ્ન છે. ગાઝામાં તેમણે શાંતિ કરાર કરાવ્યો છે ખરો પણ આ કરાર કેટલો ટકે અને તેમની શાંતિ યોજનાને કેટલી સફળતા મળે તે એક પ્રશ્ન છે. આ કરાર જો ટકી જાય અને ખરેખર ગાઝામાં કાયમી શાંતિ સ્થપાય તો આવતા વર્ષના નોબેલ પ્રાઇઝ માટે તેમનું નામ વિચારી શકાય, બાકી આ વર્ષે તેમને નોબેલ શાંતિ ઇનામ આપવું ઉતાવળીયું જ સાબિત થાત.

આમ પણ નોબેલ શાંતિ પારિતોષિકની જાહેરાત ઘણી વખત વિવાદાસ્પદ રહી છે. ભૂતપૂર્વ રશિયન પ્રમુખ મિખાઇલ ગોર્બાચેવ, ઇઝરાયેલના ભૂતપૂર્વ વડાપ્રધાનો યિત્ઝેક રાબિન અને શિમોન પેરેઝ તથા પીએલઓના વડા યાસર અરાફત, ભૂતપૂર્વ અમેરિકી પ્રમુખો હેન્રી કિસીન્જર અને જીમી કાર્ટર તથા બરાક ઓબામા, ઇથિયોપિયાના વડાપ્રધાન અબી અહમદ જેવી વ્યક્તિઓને અપાયેલા નોબેલ પીસ પ્રાઇઝ બાબતે વિવાદ થયો હતો.

સંગઠન તરીકે યુરોપિયન યુનિયનને આ ઇનામ અપાયું તે બાબત પણ વિવાદમાં સપડાઇ હતી. તો ગાંધીજીને નોબેલ પીસ પ્રાઇઝ ન અપાયું તે બાબત પણ ચર્ચાસ્પદ રહી છે. જો કે ગાંધીજી આગળ તો નોબેલ ઇનામ પણ નાનુ ગણાય. પરંતુ નોબેલ શાંતિ ઇનામ અનેક વખત વિવાદાસ્પદ બની રહ્યું છે તે એક કઠોર વાસ્તવિકતા છે.

## પરિસ્થિતિ સકારાત્મક કરવા

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

‘‘દરેકનું જીવન અઘરું જ છે. આપણને એમ લાગે કે મારા જીવનમાં બીજા કરતાં વધુ તકલીફો છે અને સામેવાળાનું જીવન સહેલું છે. બરાબર એવું જ તમારું જીવન જોઇને સામેવાળાને લાગતું હોય છે.’’ મોટીવેશનલ સેમિનારમાં સ્પીકરે કહ્યું અને આ સાંભળી બધાં જ હસી પડ્યાં.

સ્પીકર બોલ્યા, ‘‘અરે હું આ કોઈ મસ્તી મજાક માટે નથી બોલી રહ્યો. એકદમ સાચી વાત કહી રહ્યો છું. બધાનું જીવન અઘરું છે. બધાના જીવનમાં કોઈ ને કોઈ સમસ્યાઓ છે અને જીવનમાં આ પડકારો અને તકલીફો ક્યારે આવી જાય તેની કોઈ જ ખબર પડતી નથી.’’

સ્પીકર બોલતા હતા અને શ્રોતાજનોને થતું હતું કે મોટીવેશનલ સેમીનાર સકારાત્મકતા વધારવા માટે છે અને આ સ્પીકર કેમ નકારાત્મક વાતો કરી રહ્યા છે.

સ્પીકર બોલ્યા, ‘‘અરે તમને એમ લાગતું હશે કે હું અહીં મંચ પરથી સકારાત્મકતા કઈ રીતે કેળવવી તેને બદલે નકારાત્મકતા વિષે જ કેમ બોલી રહ્યો છું. ના, ના, હું વિષય નથી ભૂલ્યો! જુઓ મેં કહ્યું તેમ મુશ્કેલીઓ -તકલીફો બધાના જીવનમાં આવે જ છે પણ આપણે તેનો સામનો કઈ રીતે કરીએ છીએ તે મહત્ત્વનું છે. જ્યારે કોઈ બીમાર પડે ત્યારે તે માંદી વ્યક્તિ જો એમ વિચારે કે હું જ કેમ માંદી પડી.બધા તો કેવાં મજામાં છે તો તેને સજા થતાં વાર લાગશે અને માંદી વ્યક્તિ એમ વિચારે કે ભલે હું બીમાર છું પણ મારો ઈલાજ બરાબર ચાલે છે અને હું સાજી થઈ જઈશ તો તે જલ્દી સાજી થઈ જશે. અહીં માત્ર ફરક છે વિચારોનો. બહુ મોટી બીમારીથી પીડાતી વ્યક્તિ પણ જો એમ વિચારે કે હવે મારું મૃત્યુ નજીક છે તો તે સાજી નહિ થઈ શકે પણ જો એમ વિચારે કે હું માંદી છું પણ હજી મરી નથી ગઈ. ભગવાન, તારો આભાર કે તે મોટી બીમારીમાંથી પણ ઊભી થઇ જશે.અચાનક નોકરીમાંથી પાણીચું મળી જાય અને જો કોઈ નાસીપાસ થઈને બેસી જાય તો આખો પરિવાર હેરાન થઈ જાય પણ જો કોઈ એમ વિચારે કે નોકરી ગઈ પણ બે મહિના સુધી વાંધો નહિ આવે એટલી બચત તો છે ત્યાં સુધી નવી નોકરી મળી જશે તો તેને જલ્દી નોકરી મળી જ જાય. ધંધામાં નુકસાન જાય તો જે માથે હાથ દઈને રડવાથી કંઈ ન થાય પણ જે વધુ મહેનત ચાલુ રાખે તેને બીજો ઓર્ડર મળી જાય અને નુકસાન ભરપાઈ પણ થઈ જાય. આ જીવનમાં કોઈ ને કોઈ વળાંકે આવતી તકલીફોની વાત કરી હું કુદરતનો એક અફર નિયમ સમજાવવા માંગું છું કે કોઇ પણ નાની તકલીફ કે ભયંકર મોટી નકારાત્મક પરિસ્થિતિમાં પણ જો વ્યક્તિ હિંમત રાખી આશા જીવંત રાખી શકે તો પરિસ્થિતિ સકારાત્મક થતાં વાર નહિ લાગે. મહેનત કરતાં રહો અને લડતાં રહો તો ચોક્કસ માર્ગ નીકળશે.

# વેકેશનને બાળકના ઘડતર અને મૂલ્ય શિક્ષણની પ્રક્રિયાનો ભાગ બનાવી શકાય

## શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

**બાળકમાં સંસ્કારનું સિંચન અને નાગરિક ઘડતરનો આધાર શિક્ષણમાં અપાતા દૃષ્ટિબિંદુ પર આધારિત છે. મૂળભૂત મૂલ્યોનો આધાર ભાષાના શિક્ષણ પર છે. ઈવન આગળ જતા જે વ્યવસાયલક્ષી શિક્ષણ લેવાનું છે તેનો માર્ગ પણ ભાષાના શિક્ષણમાંથી જ નીકળે છે**

ભારતના શિક્ષણ જગતમાં મૂલ્ય આધારિત શિક્ષણની વાતો વારંવાર થયા કરે છે. એક નવો પ્રવાહ તો એવો શરૂ થયો છે જે બાળકોના સર્વાંગી ઘડતર માટે તમામ જવાબદારી શાળાઓ પર જ ઢોળવા માંગે છે. જેમ કે કોઈ કહે છે ‘બાળકોને શાળામાં યોગ યોગ શીખવાડો’, કોઈ કહે છે બાળકોને ટ્રાફિક નિયમો સમજાવો તો વળી કોઈ કહે છે શાળામાં રામાયણ અને મહાભારત ભણાવો અને બધી વાતોનો સાર એ છે કે બાળકોને સ્કૂલ-કોલેજમાં સંસ્કારોનું સિંચન કરો.

આમ તો બાળકમાં સંસ્કાર સિંચન અને મૂલ્યોનું ઘડતર થાય તે પ્રાથમિક શિક્ષણના હેતુઓમાનો એક હેતુ છે. બાળક સંસ્કારી બને મૂલ્યનિષ્ઠ બને તે તો શિક્ષણ પ્રક્રિયાનું પરિણામ છે. બાળક શિક્ષણ પ્રક્રિયામાંથી પસાર થાય તેના પરિણામ સ્વરૂપ દેખાનારું પરિણામ છે. માટે જ પ્રથમ શિક્ષણ સૌને માટે સામન હોય છે, ભાષાવિજ્ઞાન ગણિત સૌ સમાન સ્તરે ભણે છે. ડૉક્ટર, એન્જિનીયર, સી.એ. અને વકીલ એવા વ્યવસાયલક્ષી પ્રવાહો આગળ જતા જુદા પડે છે પણ શાળા કક્ષાએ બધા મૂળભૂત શિક્ષણ સમાન મેળવે છે. આ મૂળભૂત શિક્ષણ પ્રક્રિયામાંથી જ બાળક શિસ્ત સંસ્કાર મેળવે છે. જાહેર જીવનના નિયમો શીખે છે. આમ તો આ વાત સૌ જાણે છે પણ આઘાત અને આચર્ય એ વાતનું છે કે અત્યારે અચાનક બાળકોને શિક્ષણમાં સંસ્કાર આપોની વાત નવે સરથી ચર્ચાઈ રહી છે અને જાણે કે પરંપરાગત અભ્યાસક્રમમાં બાળકને સંસ્કાર મળતા નથી માટે તે જુદા પાડીને આપો એવો સૂર સાંભળવા મળે છે. અને તે માટે ધાર્મિક નેતાઓના પ્રવચનો, સંપ્રદાયના પુસ્તકો અથવા તેવા લેખોનો સંગ્રહ હોય તેવા પુસ્તકો અભ્યાસક્રમમાં દાખલ કરવાની ભલામણો થઈ રહી છે.

શિક્ષણ ક્ષેત્રે અભ્યાસક્રમ નક્કી કરવો એ ખૂબ મોટી જવાબદારીનું કામ છે. આવનારી પેઢીઓ પર તેની અસર પડવાની હોય છે ત્યારે સાવ બેજવાબદારીપૂર્વક કેવી રીતે વિચારી શકાય? કોઈ સંપ્રદાયના દબાણ હેઠળ કે નેતાઓને ખુશ કરવા નિર્ણય કેવી રીતે લઈ શકાય? જો આપણે શિક્ષણમાં નૈતિકતા શીખવાડવા માંગતા હોઈએ તો આપણે પણ નૈતિક જવાબદારી સ્વીકારવી પડે અને તે મુજબ અભ્યાસક્રમ રચવા પડે.

એક વાત બહુ સામાન્ય સમજણની છે કે બાળકને નિયમિત પૌષ્ટિક ખોરાક મળે તો તેનો વિકાસ યોગ્ય થાય. તંદુરસ્તી જળવાય. બાળપણથી જ વિટામીનની ગોળીઓ આપીને તત્વો પુરા પાડવા પડે તે નબળાઈની નિશાની છે તેવી જ રીતે શિક્ષણની સતત પ્રક્રિયામાંથી જ બાળકમાં સંસ્કારો સારી ટેવનું સિંચન થાય. વિદ્યાર્થીને રોજ વર્ગ ખંડમાં સાચું બોલો, પ્રમાણિક બનો, બીજાનો વિચાર કરો, બહાદુર બનો એવા સીધા જ ઉપદેશ આપીએ તો બાળકમાં આ બધા ગુણ ના પણ વિકસે. પણ ભાષાના પાઠ્યક્રમમાં એવા માનવ મૂલ્યોનું જતન કરનારા પાઠ કાવ્ય, નિબંધ, નાટક વગેરે હોય તો બાળકમાં તે દ્વારા સહજ રીતે જ સંવેદના અને સંસ્કાર સિંચન થાય. આવા કાવ્ય, પાઠ માત્ર પરીક્ષાલક્ષી ના બનતા જીવનલક્ષી બને તો બાળકનું ઘડતર આપોઆપ થાય.


બાળકમાં સંસ્કારનું સિંચન અને નાગરિક ઘડતરનો આધાર શિક્ષણમાં અપાતા દૃષ્ટિબિંદુ પર આધારિત છે. મૂળભૂત મૂલ્યોનો આધાર ભાષાના શિક્ષણ પર છે. ઈવન આગળ જતા જે વ્યવસાયલક્ષી શિક્ષણ લેવાનું છે તેનો માર્ગ પણ ભાષાના શિક્ષણમાંથી જ નીકળે છે. ભાષા દ્વારા જ ઈતિહાસ, વિજ્ઞાન, ગણિત, ભૂગોળ જેવા વિષયો શીખવવાના છે, સાથે સાથે ભાષા જ આપણી સંસ્કૃતિ, પરંપરાઓ સામાજિક વારસો આપણા સુધી લાવે છે. નરસિંહ મહેતાના પ્રભાતિયા, અખાના છપ્પા, કાકાસાહેબ કાલેલકરના પ્રવાસ વર્ણનોસ, ઝવેરચંદ મેઘાણીની સૌરાષ્ટ્રની રસધાર આ બધું બાળક ક્રમશઃ ભણતો જાય એટલે તેનામાં માનવ મૂલ્યોનો વિકાસ આપોઆપ થતો જાય. તેણે જુદા માણસાઈ અને શુરાતનના ઈન્જેક્શન આપવા ના પડે.

માટે જ ચોક્કસ પ્રવચનકારો અને સંપ્રદાયના પેટા સંપ્રદાયોના ગુરુઓ દ્વારા અપાયેલા ભાષણો, લેખો શિક્ષણના પાઠ્યક્રમમાં મુકવા તે અપરિપક્વતા અને બેજવાબદારીની નિશાની છે અને છેલ્લે એક વાત એ પણ કે મુસ્લિમ પરિવાર પોતાના બાળકને પોતાના ધર્મ પરંપરાનું જ્ઞાન-માહિતી પોતાના ઘરમાં આપી શકે, ઘરમાં જ તેના પુસ્તકો રાખીને તેનો અભ્યાસ કરવી શકે છે. હિન્દુ પોતાના બાળકોને રામ કૃષ્ણની વાતો કરી શકે, આપણા સંતો જ્ઞાનીઓ કહી ગયા છે કે રામાયણ ભાગવત ઘરમાં રાખો એ સમજવા જેવું છે. આ ગ્રંથો કંકુ-ચોખા ચડાવવા પૂરતા નથી રાખવાના. ઈચ્છા થાય તો વાંચવા જેથી જીવનમાં તે કાંઈ ઉપયોગી થાય. મુદ્દાની વાત એટલી જ કે બાળકને ઔપચારિક આધુનિક શિક્ષણ માટે જ શાળામાં જવાનું છે. સંપ્રદાયનું કે પરંપરાઓનું શિક્ષણ તો મા-બાપ ઘરે પણ આપી જ શકે છે. બધો ભાર શાળા પર છોડશો તો ઘરે શું કરશો? દિવાળી વેકેશન છે થોડો લાભ લો!.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ખિસ્સામાં હોય રૂપિયા તો મુઠ્ઠીમાં આવે દુનિયા..!

## મંગલ મસ્તી



રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’

**ખિસ્સાનું તો એવું છે ને મામૂ કે, જેનું ખિસ્સું ભારી એની ચાલ તેજીલી..! વિટામીનનાં પીપ ઢીંચી ગયો હોય એમ, ચાલમાં પણ પાવર આવી જાય. બાકી, સામાન્ય રીતે નવજાત શિશુના ઝભલામાં, મૃતદેહના કફનમાં અને લુંગીમાં ખિસ્સાઓ માળા બાંધતા નથી. એમાં મોટા ઝભ્ભાવાળાની તો વાત જ નોખી**

ખિસ્સું એટલે માનવીનું અનિવાર્ય અંગ..! ખાનદાની માપવાનું ‘મની-મીટર...!’ ખિસ્સુંને કાપડનો ટુકડો માનવાની ભૂલ કરવી નહિ. ખિસ્સું આપણો અજવાસ છે, અંધકાર છે. મહત્ત્વાકાંક્ષા, ચિંતા અને સામાજિક દરજ્જાનો આયનો છે. ખિસ્સું મૌન છે, એટલું સારું છે. એની પાસે વાચા નથી. હોત તો, માનવીનાં અનેક રહસ્યો ખુલ્લાં પડ્યાં હોત. ખિસ્સું એ માનવીના જીવતરનું સરનામું છે...! એટલે જ તો કોઈકે સાચું કહ્યું છે કે,

ભરેલું ખિસ્સું હોય તો, નાથિયોય નાથાલાલ બને

ખાલી ખિસ્સું હોય તો, શ્વાનો પણ પોતીકા ના બને

સમયના પરિવર્તન ખિસ્સાને પણ આડા આવ્યા છે મામૂ..! સમય સમયે ખિસ્સાં પણ બદલાતાં ગયાં. નાનાં મોટાં તો ઠીક આકાર પણ બદલાતા ગયા. ખિસ્સાનો મહત્તમ ઉપયોગ, પૈસા, ચાવી કે ઘડિયાળ પૂરતો હવે રહ્યો નથી, ‘મલ્ટી-યુટીલીટી’ સ્ટોરેજ બની ગયો. ઠાંસી ઠાંસીને એવું ભરાવા માંડ્યું કે, બજારમાં ફુગાવો વધે એમ, ખિસ્સાનો ફુગાવો પણ વધતો ગયો. ખિસ્સાની ખાસિયત એ છે કે, જેને દરેક બાજુથી સીવેલું હોય એને ‘થિંગડુ’ કહેવાય ને ત્રણ બાજુથી સીવેલું હોય એને ખિસ્સું કહેવાય..! જે નિરાકાર નથી, પણ વાપરનારના શોખ પ્રમાણે આકાર-વિકાર અને પ્રકાર બદલે..! પછી તો જેનો જેવો શોખ..! ખિસ્સું દ્રવ્યોથી ભરેલું હોય તો, એ માનવીની મહેનતનો મેડલ છે અને ખાલી હોય તો BPL નું પ્રમાણપત્ર છે..! સુખી થવું હોય તો, વઢિયણ વાઈફ અને ખિસ્સાની ઊંડાણમાં ક્યારેય ખાંખાખોળાં કરવાં નહિ. કોઈ કાંદો કાઢી શકાતો નથી. મગજ સાથે સમાધાન કરી લેવાનું કે, એ બંને ભરેલાં હોય ત્યાં સુધી જ સારાં.. ! બહુ ફંફોળવા જઈએ તો કદાચ, આપણે પણ ફંગોળાઈ જઈએ.! શું કહો છો ચમનિયા..?

જેને બહુ ચકાસવાની આદત છે, એને કોઈ પોતીકું નહિ જડે, અને ચાહવાની તૈયારી રાખો તો, કોઈ પરાયું નહિ લાગે..! એટલે તો ખમીશના ખિસ્સાએ હૃદયને અને હૃદયે ખિસ્સાને પોતાની નજીક રાખેલું. હૃદય અને ખિસ્સું બંને એકબીજાનાં પાડોશી. બંનેને એકબીજાનો આધાર. જ્યાં હૃદયનું સ્થાન હોય, તેની આગળ જ ‘ખિસ્સું’એ માળો બાંધેલો હોય. હૃદય પણ ડાબી બાજુ ને, ખિસ્સું પણ ડાબી બાજુ..! બંને રોમિયો-જુલિયેટની જોડી જેવાં. બંને એકબીજાથી સ્થાનભ્રષ્ટ થયાં નથી. બંને એકબીજાનાં પાડોશી ખરાં, પણ આપણા પાડોશી જેવા ઝઘડાળુ નહિ..! ઘાંટા પાડીને ક્યારેય લડ્યાં નથી. બંનેની મૌનની ભાષા જ એવી વેધક કે, બંને સાનમાં શરાફત નિભાવે. બે વચ્ચે મહાભારત જેવું યુદ્ધ ખેલાતું હોય તો પણ કોઈને ખબર નહિ પડવા દે. બંને એકબીજાને ક્યારે ભડકાવે કે તતડાવે એની ગંધ સુદ્ધાં આવવા નહિ દે..!

એના કપાળમાં કાંદા ફોડું, ખિસ્સામાં પણ ડબલ એન્જીનના સરકાર જેવું..! ડાબી બાજુ તો ખિસ્સું હોય જ, જમણી બાજુ પણ રાખે..! કાદુ તારા ડુંગરે ડુંગરે ડાયરાની માફક પહેરવેશનાં ખિસ્સાના મેળા રાખવાની હવે તો ફેશન બની ગઈ. અસ્સલના રાજાઓ જેમ ઘણી બધી રાણીઓ રાખતા, એમ ઠેર ઠેર કબુતરખાનાં જેવાં ખિસ્સાં રાખતા થઈ ગયા. ઢગલાબંધ ખિસ્સાઓને જોઈને એમ થાય કે, આ જીવ ધરતી ઉપર જીવવા આવ્યો છે કે, ખિસ્સાં ભરવા..? જીવતર જીવવા પહેલાં ‘એડવાન્સ’મેડલ મેળવ્યા હોય એમ, થોડા થોડા અંતરે ટોલનાકા જેવા ખિસ્સા હોય..! ભલે રાજા મહારાજાનાં ખંડેર મકાનો જેવાં હોય..? પણ ખાડામાંથી રસ્તો શોધવાનો આવે એમ, અનેક ખિસ્સામાંથી આપણે એનો પહેરવેશ શોધવાનો. ખિસ્સાકાતરુને પણ એક વાર તો તમ્મર આવી જાય કે, આ બરમૂડાને મારે વેતરવો ક્યાંથી..? પાટલુન એક જ, પણ ખિસ્સાઓની વસ્તી વધારે..! સમજણ નહિ પડે કે, જાતકે પાટલુન પહેરી છે, કે પાટલુને ‘ખિસ્સા’ પહેર્યા છે..?

ખિસ્સાનું તો એવું છે ને મામૂ કે, જેનું ખિસ્સું ભારી એની ચાલ તેજીલી..! વિટામીનનાં પીપ ઢીંચી ગયો હોય એમ, ચાલમાં પણ પાવર આવી જાય. બાકી, સામાન્ય રીતે નવજાત શિશુના ઝભલામાં, મૃતદેહના કફનમાં અને લુંગીમાં ખિસ્સાઓ માળા બાંધતા નથી. એમાં મોટા ઝભ્ભાવાળાની તો વાત જ નોખી..! કપડા જેવા હોય તેવા ચાલે, પણ ખિસ્સા મજબૂત રાખે. એમને છલકા ખિસ્સાઓ ફાવતા નથી. સામાન્ય જણ કરતાં થોડાં ઊંડાં જ હોય. ખિસ્સાં જેટલાં ઊંડાં એટલી જાહોજલાલી દીપે...! માત્ર ખિસ્સા જ નહિ, પેટ પણ મોટા અને લબડેલાં હોય. શરીર સાથે ‘એર-બેગ’ ફીટ કરાવીને જ પ્રગટ થયા હોય. એમના પેટનો ક્યાસ કાઢીએ તો, ટ્રેનમાં લટકીને મુસાફરી કરતા હોય તેવા મુસાફર જેવા જ એમના પેટ લાગે..! આ લોકો પહેલાં પેટના દર્શન કરાવે, પછી જ એ પોતાનાં દર્શન આપે..!

ખિસ્સું એટલે ખિસ્સું બોસ..! ફરતેથી સીવાયેલું હોય એને થિંગડું કહેવાય, પણ એક બાજુ સીવવાનું રહી ગયું હોય ને માત્ર ત્રણ જ બાજુથી સીવાયેલું હોય એને ખિસ્સું કહેવાય. ખિસ્સાની ઓળખ ત્રણેય જાતિમાં થાય. નર, નારી અને નાન્યતર ત્રણેયમાં ઓળખાય. જેમ કે, ખિસ્સો કેવો, ખિસ્સી કેવી, ને ખિસ્સું કેવું..! યાદ હોય તો પહેલાંની સ્ત્રીઓ, ડગલીમાં ખિસ્સી રાખતી. પછી થયું એવું કે, કાળક્રમે માણસમાંથી પૂંછડું ઘસાઈ ગયું, એમ એ ડગલી પણ ગઈ ને, ડગલીની ખીસ્સી પણ ગઈ. ત્યારે પુરુષોએ ખિસ્સો-ખિસ્સું ને ખિસ્સી બધું સાચવી રાખ્યું. ખિસ્સી તો એવી રાખે કે, વાઈફ તો ઠીક, ગુગલની પણ તાકાત નહિ કે, એ ખીસ્સી શોધી આપે..!

કોઈનું ધ્યાન ગયું હોય કે ના ગયું હોય પણ, સ્ત્રીઓ પાકીટ મોટાં રાખે ને રૂમાલ નાનાં રાખે ત્યારે પુરુષો પાકીટ નાનાં રાખે ને રૂમાલ મોટા..! કારણ જાણવા ગુગલને પૂછ્યું તો, ગુગલ પણ જવાબ આપવામાં ફેંએએએએ થઇ ગયું..! જે હોય તે, પૈસા સાચવવાની બે જ જગ્યા સલામત, ક્યાં તો બેંકમાં સચવાય, ક્યાં તો પત્ની પાસે..! બેંકમાંથી સહેલાઈથી મળી જાય, બાકી વાઈફ પાસેથી મેળવવા હોય તો, ‘બ્લડ-પ્રેસર’ની ગોળી લીધા પછી જ સાહસ કરાય..! ભરશિયાળામાં પરસેવો થઈ જવાય યાર..!

એક જ વાત યાદ રાખવાની કે, જેનું ખિસ્સું ખાલી એનાં વળતાં પાણી..! ભરેલું ખિસ્સું શાન પણ છે, જાન પણ છે, ને માન પણ છે. માનવીના સ્ટેટસનો આધાર ભરેલા ખિસ્સા ઉપર છે. જેના ખિસ્સા ભરેલા, એના સંબંધ વધેલા..! ભરેલા ખિસ્સાવાળાને સંબંધીઓનો દુકાળ નડતો નથી ને ચમચાઓની ખોટ સાલતી નથી. કારણ કે, જ્યાં સુધી ખિસ્સું ભરેલું હોય, ત્યાં સુધી ચમચાઓની જમાવટ ભરપૂર હોય. ખિસ્સું ખાલી થાય એટલે ચમચાઓ પણ ચાલતી પકડે. મોટા મોટા જમણવારમાં પ્લાસ્ટીકના ચમચા, એંઠવાડમાં જ રઝળતા હોય છે , એ આપે જોયું હશે..! લખી રાખો કે, ખિસ્સું ભરેલું હોય ત્યાં સુધી જ, “હેલ્લો-હાવ આર યુ”ના ટહુકા સંભળાય, પછી છોલે ભગો દાજી..! એક વાર ખિસ્સું ખાલી થયું, એટલે અનુભવો જ તમારી સંગાથે હોય. ખાલી ખિસ્સું હંફાવે ખરું, પણ દોડાવે નહિ. ખાલી ખિસ્સું એ જીવતરની અર્વાચીન ગીતા છે..!

ખિસ્સા ભરેલા હોય તો, કીડીને પણ હાથીને ઊંચકવાનું જોમ આવી જાય. એટલે તો આજકાલ ખિસ્સા ભરવાની દોડ વધી છે. સબ ભગવાનકી માયા હૈ..! ખિસ્સા ભરેલા હોય તો, આફ્રિકાનો હબસી પણ ‘હેન્ડસમ’ લાગે. ખિસ્સાં ભરેલાં હોય તો, સ્વીટઝરલેન્ડ જઈને રોજ સવારે ‘બ્રેકફાસ્ટ’ કરવાની ઈચ્છા થાય...! બાકી, ખાલી ખિસ્સાવાળાથી તો પાદરે હવા ખાવા જવું હોય તો પણ વિચાર કરવો પડે..! ભીંત ઉપર જગ્યા હોય તો લખી રાખજો કે, જે દિવસે ખિસ્સાં ખાલી થયાં, તે દિવસથી કૂતરાં પણ પલાયન થઈ જાય. યે સબ ગજવેકી કમાલ હૈ મામૂ.!

### લાસ્ટ ધ બોલ

પિતા : તારા ભણતર પાછળ મેં મારું ખિસ્સું ખાલી કરી નાંખ્યુ..! હું દેવાળિયો બની ગયો તો પણ તું પાસ થતો નથી. તને ખબર છે કે, તું સારું ભણશે તો તને સારી કન્યા મળશે..!

પુત્ર : સાચી વાત છે પપ્પા..! પણ મને સમજાવો કે તમારા વખતે આ સ્કીમ નહિ હતી કે..? તારા કપાળમાં કાંદા ફોડું...!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### ઘરની સફાઈ, આત્માની સફાઈ

દિવાળીના તહેવારના દિવસો નજીક આવ્યા એટલે ગૃહિણીઓ ઘરની સફાઈ કામમાં જોતરાઈલી રહે છે. ઘરની સાફ-સફાઈ ઉપરાંત જૂનું-તૂટેલું ફર્નિચરને કાઢી નાંખે અને નવી સજાવટ કરતી હોય છે. નકામી-રદ્દી વસ્તુઓ એકત્ર કરીને ભંગારમાં આપી દેતી હોય છે. હાલમાં એક રમુજી કિસ્સો બન્યો, અમારા મહોલ્લામાં એક ભંગારવાળો એક બહેનને કહેતો હતો બેન કોઈ જૂની તૂટેલી વસ્તુ હોય તો આપો, સારા પૈસા આપીશ બહેન કહે, હમણાં તમારા ભાઈ ઘરે નથી, તે આવે ત્યારે આવજો (ગુજરાતી ભાષાના કેવા અર્થ થાય છે તે જાણો) આમ દિવાળીનો તહેવાર નવી રોશની, ઊર્જા, આશા-અપેક્ષા લઈને આવે છે પરંતુ જેમ ઘરની સાફ-સફાઈ કરવામાં આવે છે, તેવી રીતે દરેક વ્યક્તિએ પોતાના અંતર-આત્માની સફાઈ કરવી જોઈએ. દિલમાં રહેલા ખોટા વિચારો કામ-ક્રોધ, લોભ, મોહમાયાને તિલાંજલી આપવી જોઈએ અને સદભાવના, સદકાર્યોનુ સિંચન કરવું જોઈએ. કેમકે દરેક પ્રત્યે સદભાવ રાખો તો સદભવનાનું નિર્માણ થાય છે.

તરસાડા , માંડવી - પ્રવિણસિંહ મહિડા

### તાપી જિલ્લામાં નારી શક્તિનું ઉમદા કાર્ય ‘જીવન વહળ

ગુજરાત સરકારે મહિલા સશક્તિકરણ અને ભવિષ્યની નારી માટે અનેક યોજનાઓ જાહેર કરી છે. દરેક ગામડાની મહિલાઓ માટે જૂથ બનાવીને મહિલા બચત યોજના શુભારંભ કરતા હોય છે. આમ મહિલાઓ નાની મોટી બચત કરીને તેમાંથી ધિરાણ મેળવી પોતાનો વ્યવસાયનો પાયો નાખી શકે તે માટે જરૂરી છે અને તે સરકારે પૂરું પાડ્યું પણ ઘણીવાર એવું બને છે. મહિલા આગેવાન તરીકે સક્ષમ હોય તો જૂથ બંધ નથી થતું મહિલાની એક વ્યવસાયિક પ્રવૃત્તિ પર પુરુષો કાપ મુકવાનો કીમિયો અજમાવે છે. ડોલવણ તાલુકામાં જીવન વહળ બરડીપાડા સંસ્થા દ્વારા મહિલાઓ માટેનું બનાવેલું જૂથ આજે પણ અડીખમ છે. પચાસ હજારની ઈમરજન્સીમાં વ્યવસ્થા કરવાની હોય તો મહિલા આસાનીથી જીવનવહળ જૂથમાંથી મેળવી શકે છે. આ જૂથ આજે પણ અવિરત ચાલવાનું કારણ મહિલા સુકાની સશક્ત અને મજબૂત નિર્ણય લઈ શકે તેવું મેનેજમેન્ટ મળ્યું છે. આજની નારી શક્તિ મજબૂત હોય જેનું સાચોટ ઉદાહરણ જીવન વહળ બરડીપાડા જૂથ થી મળે છે. આવા સળંગ ચાલતા અને લાંબા સમય સુધીના આવા ગ્રુપને સરકારે વાર્ષિક રીતે પ્રોત્સાહિત કરવું જોઈએ. જેથી કરીને આખા ગુજરાતની મહિલાઓ કાયમ માટેની પ્રેરણા મળતી રહે આવા જૂથને ઘણીવાર ધર્મ કે રાજકારણ જેવા ગ્રહણ નડે છે.આવા સમયે સમય આવતા ગ્રહણ થી મહિલાઓએ વાકેફ થવું જોઈએ.

તાપી - હરીશકુમાર ચૌધરી

### અસલી-નકલી પારખવું કઈ રીતે?

તાજેતરમાં સુરતના કોસાડ વિસ્તારમાંથી 1.20 કરોડનું ‘‘નકલી ઘી’’ પકડાયું! જે આબેહૂબ અસલી ઘી જેવી સુગંધ અને રંગ ધરાવતું હતું! પણ એમાં દૂધની સંપૂર્ણપણે ગેરહાજરી અને હાનિકારક રસાયણોની હાજરી વર્તાતી હતી! બે વર્ષથી સુરતના સ્લમ એરિયાનાં રહીશો એનો ઉપયોગ કરતાં હતાં કારણકે એ ઘી સસ્તું હતું. નકલી પનીરના સમાચાર તો વાંચી ચૂક્યા. હવે ઘી પણ નકલી? પ્રજાના આરોગ્ય સાથે આવો ખિલવાડ? કંઈ કેટલાંય કેમિકલોનું મિશ્રણ છે આ નકલી ઘી! આરોપી પકડાયા પણ જામીન મળ્યે પાછા આ ‘‘કાર્ય’’ માં જોડાઈ ન જાય એની તકેદારી રાખવી જ પડશે. આ પ્રકારની ભેળસેળ કેટલાયના આરોગ્યને નાદુરસ્ત બનાવતી હશે? થોડા સમય પહેલાં નકલી દૂધના સમાચાર પણ વાંચવા મળ્યા હતા! જે અત્યંત હાનિકારક હોઈ શકે. નકલીના જમાનામાં હવે અસલી શું હશે એ પારખવું મુશ્કેલ કાર્ય બની ગયું છે! નકલી અધિકારીઓ હોય, નકલી પોલીસ હોય, નકલી ખાદ્ય પદાર્થો હોય, બધું જ ડુપ્લીકેટ! સામાન્ય પ્રજા પારખે કઈ રીતે? નકલી બનાવટ સામે કડક કાર્યવાહી જરૂર થવી જોઈએ નહીં તો ‘જેસે થે’ ની પરિસ્થિતિ ઉદ્ભવે.

સુરત - નેહા શાહ

### ફિલ્મી કસબીઓનું લગ્નજીવન

બે વિરોધાભાસી ઘટનાઓ ફિલ્મજગતમાં જોવાઈ છે, તેના મોખરાના કસબીઓનાં લગ્નજીવનની વિસંગતતા જોવા મળે છે. ઐશ્વર્યારાય અને અભિષેક બચ્ચનના ઘરસંસારની વિશાળ ફલક પર નોંધ લેવાઈ અને એ સેલિબ્રિટીઓનાં સંતાનો અંગે પણ સમાચારો પ્રગટ થતા રહ્યા અને હવે તેમના દામ્પત્યજીવનમાં તિરાડો પડ્યાની ચર્ચા થવા લાગી છે. બીજી તરફ વિશ્વવિખ્યાત ફિલ્મી સંગીતકાર એ.આર. રહેમાન અને તેની પત્ની સાયરાના બે દાયકા જૂના લગ્નજીવન બાદ છૂટાછેડાના સમાચાર આવ્યા. આ બંને ઘટનાઓમાં ધ્યાન ખેંચે એવી વાત એ છે કે સમજણ અને ગૌરવ જાળવણીમાં રહેમાન દંપતી સફળ રહ્યું. તલાક પછી પણ સાયરાએ પતિ રહેમાન પ્રત્યે ઉચ્ચ આદરભાવ ધરાવે છે, તો બીજી તરફ બચ્ચન પરિવાર કૌટુંબિક પ્રતિષ્ઠા જાળવવા પ્રયાસો કરે છે, દંપતીની સંયુક્ત છબિઓ પ્રગટ કરાવે છે. એક બીજી સાયરાની પણ નોંધ લેવા જેવી છે. દિલીપકુમારની ધર્મપત્ની સાયરાબાનુ વિખ્યાત હિન્દી ફિલ્મી તારિકા હતી અને પાછલા જીવનમાં તે માત્ર પતિને સમર્પિત રહી. વિજ્યા દેશમુખ એટલે કે ફિલ્મ અભિનેત્રી સંધ્યા પણ એ જ રીતે મહાન ફિલ્મસર્જક શાંતારામજીને વફાદાર રહી અને પતિની પૂર્વ પત્નીઓનાં સંતાન ઉછેર કાજે પોતે નિઃસંતાન રહી. નરગીસજી પણ પતિ સુનીલ દત્તને સમર્પિત રહી ફિલ્મ કારકિર્દી ત્યજી દીધી. સુરૈયા, દેવ આનંદને મનથી વરી ચૂકી હોવાથી મૃત્યુપર્યંત અવિવાહિત રહી, તો નિષ્ફળ પ્રેમી અને મહાન ગીતકાર સાહિર લુધિયાનવી અમૃતા પ્રીતમને ઝંખતા રહી કુંવારા રહ્યા.

સુરત - યુસુફ એમ. ગુજરાતી

### જૂના મંદિરને સ્કૂલ બનાવી

કર્ણાટકના આમરાજનગર જિલ્લાના મુખ્ય મથકથી 6 કિ.મિ. દૂર હરદાનહલ્લી ગામમાં 500 વર્ષ જૂનું વેણુ ગોપાલ સ્વામીનું મંદિર હતું. ગામના લોકોએ આ મંદિરને વધુ ખંડિયર બનતું અટકાવવા સરકાર અને પુરાતત્વ વિભાગને મદદ માટે ઘણી વિનંતી કરી. જ્યારે સરકાર તરફથી કોઇ મદદ ન મળી ત્યારે ગામના બાળકો અને યુવાનોએ સાથે મળીને મંદિરનું જાતે જ નવીનીકરણ કરવાનો સંકલ્પ કર્યો. તેમણે ભેગા મળીને મંદિરની સફાઇ કરવાનું શરૂ કર્યું. દરરોજ સવારે 6 વાગ્યે બાળકો અને યુવાનો ભેગા થઈને 2 કલાક સુધી સફાઇકામ કરતાં.ખંડિયેર થઇ ગયેલા મંદિરનું રીપેરીંગ કરવા ગામના અને આસપાસના લોકોએ 22 લાખ રૂા. એકઠા કર્યા. મંદિરના ફ્લોરીંગ માટે ઘણા લોકોએ ટાઇલ્સ, સિમેન્ટ, રેતી અને પથ્થરો દાનમાં આપ્યા. મંદિરનું સંપૂર્ણપણે નવીનીકરણ થયા બાદ પણ બાળકો સવારે 6 વાગ્યે ભેગા થતા અને સાફસફાઇ કરતાં. આ જોઇને કર્ણાટક પોલિસમાં કામ કરતા મધુસુદન નામના પોલીસે આ બાળકોને ભણાવવાનું શરૂ કર્યું. ગામના એક શિક્ષક આર. ચંદ્ર કહે છે કે બાળકો દ્વારા શરૂ થયેલા આ આંદોલનમાં અન્ય પોલીસ કર્મચારીઓ, શિક્ષકો તથા ગામના અન્ય લોકો પણ આ શિક્ષણકાર્યમાં જોડાયા. આમ આ મંદિર એક સંપૂર્ણપણે મોર્નીંગ સ્કૂલ બની ગઇ. આપણા દેશના અંતરિયાળ ગામોમાં તો આવા કંઇ કેટલાય જીર્ણ થઇ ગયેલા મંદિરો હશે. આ બધા જ જીર્ણ થઇ ગયેલા મંદિરો, શાળામાં રૂપાંતરિત થાય તો અંતરિયાળ ગામોના બાળકો શિક્ષણ પ્રાપ્ત કરી શકે!

અમેરિકા - ડો. કિરીટ એન. ડુમસિયા